# જિનજીની વાણી

**રચયિતા: પંડિત શ્રી હિંમતભાઈ    [રાગ: શાભર્યાં અમે આવિયા]**

[પંડિત શ્રી હિંમતભાઈ સમયસાર પરમાગમનો અનુવાદ કરી રહ્યા હતા ત્યારે તેમના અંતરમાં સમયસાર પરમાગમ તથા તેના રચયિતા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રતિ અત્યંત ભક્તિભાવ જાગતાં તેઓશ્રીએ આ ભક્તિરચના વિ.સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)માં કરી હતી જે સમગ્ર દિગંબર જૈન સમાજમાં અત્યંત પ્રિય છે.]

**સીમંધર મુખથી ફૂલડાં ખરે,**
**એની કુંદકુંદ ગૂંથે માળ રે,**
**જિનજીની વાણી ભલી રે.**
**વાણી ભલી, મન લાગે રળી,**
**જેમાં સાર-સમય શિરતાજ રે,**
**જિનજીની વાણી ભલી રે.........સીમંધર૦**

**ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,**
**ગૂંથ્યું પ્રવચનસાર રે,**
**જિનજીની વાણી ભલી રે.**
**ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,**
**ગૂંથ્યો સમયનો સાર રે,**
**જિનજીની વાણી ભલી રે.........સીમંધર૦**

**સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો**
**જિનજીનો ૐકારનાદ રે,**
**જિનજીની વાણી ભલી રે.**
**વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,**
**વંદું એ ૐકારનાદ રે,**
**જિનજીની વાણી ભલી રે.........સીમંધર૦**

**હૈડે હજો, મારા ભાવે હજો,**
**મારા ધ્યાને હજો જિનવાણ રે,**
**જિનજીની વાણી ભલી રે.**
**જિનેશ્વરદેવની વાણીના વાયરા**
**વાજો મને દિનરાત રે,**
**જિનજીની વાણી ભલી રે.........સીમંધર૦**